<u>**ફોજદારી કેસ નં. ૧૩૮૩/૨૦૧૬**</u>

**આહવા પો.સ્ટે. ગુ.ર. નં. ૨૭/૨૦૧૬ ના કામે પકડાયેલ મુદ્દામાલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧ મુજબ પરત મેળવવા માટેની આંક–૮ ની મુદ્દામાલની અરજી હેઠળ હુકમ:–**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજદાર તર્ફે વિ. વકીલશ્રીને તથા સરકાર તર્ફે એ.પી.પી.શ્રીને સાંભળ્યા. કેસ ડાયરી, ચાર્જશીટ તેમજ ગુના સબંધિત કાગળો ધ્યાને લીધા.

(૨) સદર ગુનાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૯૨, ૧૧૪ મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે. સદર ગુનાની ફરિયાદીની ફરિયાદ વંચાણે લેતા આ કામના ફરિયાદી પોતાની ચંદ્રીકા જવેલર્સ નામની દુકાને તાળા મારતા હતા, તે દરમ્યાન ફરિયાદીએ તેમના ખંભા ઉપર રાખેલ કાળા કલરનો થેલો જેમાં રોકડ રકમ રૂા. ૩૦,૦૦૦/– તથા ચાંદીના દાગીના (૩ કડીઓ) આશરે ૫૦૦ ગ્રામ જેટલા વજનની જેની કિંમત રૂા. ૨૦,૦૦૦/– તથા તિજોરીની ચાવીઓ મળી કુલ રૂા. ૫૦,૦૦૦/– નો થેલો આ કામના આરોપી નં. ૨ ઝુટવી ભાગી ગયેલ અને આરોપી નં. ૧ નાઓએ ફરિયાદીની દુકાનની આગળ પોતાના હવાલાનું મો.સા. ઉપર નાશી ગયેલ. જે પૈકી અરજદારે હાલની અરજી સદર ગુનાના કામે પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ અરજદારના માલિકીની **ચાંદીના દાગીના (કડી) ૩૮૦ ગ્રામ વજનની કિં. રૂા. ૨૧,૦૦૦/– (૧) જેમાં ૮૫ નંગ ચાંદીની કડી એટલે કે, ૪૨ જોડી, અને ૧ કડી છુટી છે, (૨) ૪ જોડી બ્લુ મોતીવાળી ચાંદીની કડલીઓ, (૩) ૬ જોડી કાળા મોતીવાળી કડલીઓ તથા રોકડ રકમ રૂા. ૫,૦૦૦/–** નો કબજો પરત મેળવવા ક્રિ. પ્રો. કો. કલમ–૪૫૧ મુજબની અરજી કરેલ છે.

(૩) અરજદાર તર્ફે વિ.વ.શ્રી જણાવે છે કે, મુદ્દામાલ અરજદારની માલિકી કબજા ભોગવટાનું છે અને તેઓ તેના માલિક છે. તેઓ ચંદ્રીકા જવેલર્સ નામી દુકાન ચલાવતા હોય, પોતાની દુકામ બંધ કરી દુકાનના વેપાર ધંધાની રોકડ રકમ તેમજ ચાં દીના દાગીના લઈ થેલામાં લઈ જતા હતા, તે દરમ્યાન આ કામના આરોપીઓએ એક–બીજાની મદદગારી કરી લૂટ કરેલ છે. સદર મુદ્દામાલ જો લાંબો સમય નોન યુઝ રાખવામાં આવે તો અરજદારને નુકશાન થાય તેમ છે. જેથી યોગ્ય શરતોને આધીન મુદ્દામાલની વચગાળાની કસ્ટડી હાલના અરજદારને સોંપવા અરજ કરેલ છે.

(૪) વિ.એ.પી.પી.શ્રીએ સદર મુદ્દામાલ અરજી લગત યોગ્ય હુકમ કરવા રજૂઆત કરેલ છે.

(૫) બન્ને પક્ષકારોની રજૂઆત ધ્યાને લીધી. આ કામનું રેકર્ડ વંચાણે લીધું. આ તબક્કે નામદાર સર્વોચ્ચ અદાલતે **સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ ગુજરાત રાજ્ય** ના કેસમાં આપેલ ચુકાદો કે જે **એ.આઈ.આર.૨૦૦૩ એસ.સી.૬૩૮** માં પ્રદર્શિત થયેલો છે તેમાં ઠરાવ્યા પ્રમાણે મુદ્દામાલ અરજીનો નિકાલ ત્વરિતપણે કરવો જોઈએ તે જરૂરી છે અને બને ત્યાં સુધી મુદ્દામાલ લાંબો સમય બિનઉપયોગી પડી રહેવાથી તેને નુકશાન થાય તેવું હોય તો મુદ્દામાલને કેસ પુરો ન થાય ત્યાં સુધી પોલીસ સ્ટેશનમાં અનામત રાખવાનો કોઈ અર્થ રહેતો નથી અને યોગ્ય શરતોને આધીન મુદ્દામાલના માલિકને તે પરત કરવો જોઈએ.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાનમાં રાખી, આ કામમું રેકર્ડ, કેસ ડાયરી તેમજ ચાર્જશીટ, મુદ્દામાલ પાવતી તથા અરજીના તમામ કાગળો ધ્યાનમાં લેતા હાલના ગુનાના કામના આરોપી નં. ૧ ધ્વારા સદર કામે આંક–૬ થી નો કલેઈમ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે અને આરોપી નં. ૨ મળી આવતા ન હોય, તેમજ હાલના તબક્કે ફરિયાદી ધ્વારા માંગવામાં આવેલ મુદ્દામાલ

બાબતે કોઈ અન્ય ઈસમ ધ્વારા વાંધો ઉઠાવવામાં આવતો નથી કે, કોઈ ઈસમ અરજદાર સિવાય કલેઈમ કરતા નથી. જેથી ઉપરોકત ચર્ચાને અંતે આ ગુનાના કામે તપાસ કરનાર અમલદારે કબજે કરેલ મુદ્દામાલની વચગાળાની કસ્ટડી હાલના તબકકે અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન લઈને પરત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું માનવું છે. આથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

અરજદારની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**આહવા પો.સ્ટે. ગુ.ર. નં. ૨૭/૨૦૧૬** થી નોંધાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ−૩૯૨, ૧૧૪ મુજબના ગુનાના કામે (ફોજદારી કેસ નં. ૧૩૮૩/૨૦૧૬) તપાસકરનાર અમલદારે મુદ્દામાલ પેટે કબજે કરેલ અરજદારની માલિકીની **ચાંદીના દાગીના (કડી) ૩૮૦ ગ્રામ વજનની કિં. રૂા. ૨૧,૦૦૦/− (૧) જેમાં ૮૫ નંગ ચાંદીની કડી એટલે કે, ૪૨ જોડી, અને ૧ કડી છુટી છે, (૨) ૪ જોડી બ્લુ મોતીવાળી ચાંદીની કડલીઓ, (૩) ૬ જોડી કાળા મોતીવાળી કડલીઓ તથા રોકડ રકમ રૂા. ૫,૦૦૦/−** ના અરજદાર−પ્રકાશભાઈ માણિકભાઈ સોનારનાઓએ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલી સદરહુ મુદ્દામાલની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા (બોન્ડ) પોલીસ સ્ટેશનમાં આપ્યેથી સદરહું કેસના આખરી નિકાલ થતાં સુધી નીચે જણાવેલ શરતોને આધીન વચગાળાની કસ્ટડી તરીકે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**:: <u>શરતો</u> ::**

(૧) અરજદારે સદરહુ મુદ્દામાલ કેસનો આખર નિકાલ ન આવે ત્યાં સુધી કોઈને કોઈપણ રીતે હસ્તાંતર, વેચાણ, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરવો કે કરાવવો

નહી.

(૨) અરજદારે સદરહું મુદ્દામાલ કોર્ટ જયાં અને જયારે ફરમાવે ત્યારે ત્યાં અને ત્યારે રજૂ કરવાનો રહેશે.

(૩) અરજદારે મુદામાલના રંગરૂપ કે ઓળખમાં કોઈપણ જાતનો ફેરફાર કરવો કે કરાવવો નહી.

(૪) અરજદારે સદરહુ મુદ્દામાલ કોઈ ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય નહી તેની તકેદારી રાખવી.

જો ઉપરોકત હુકમની એક પણ શરતનો ભંગ થશે તો મુદ્દામાલ તાત્કાલિક અસરથી કોઈ પણ નોટિસ કે જાણ વગર જપ્તીને પાત્ર થશે. મુદ્દામાલના જામીન અં ગેની કાર્યવાહી કરવા સંબંધિત પોલીસ સ્ટેશનને યાદી કરવી.

આ હુકમ આજ તા. ૨૯મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

આહવા.
તા. ૨૯–૧૧–૨૦૨૪

**(એસ.એ. મેમણ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,આહવા
**કોડનં. જી.જે.૦૧૫૬૭**